વર્ષ ૪૨, જુન-૨૦૧૧, અંક-૯, આજીવન લવાજમ રૂા. ૨૦૦/-

સંસ્કાર દીપ

પ.પૂ.ગુરુવર્ય શાસ્ત્રીજી
મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી
તથા
વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય
સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

: આશીર્વાદ :
અખંડ ભગવદ્ પરાયણ પ.પૂ. શ્રી જોગી સ્વામી
: અધ્યક્ષ :
પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
: પ્રેરણા :
પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
મુદ્રક : સુર્યા ઓફસેટ, આંબલી, અમદાવાદ-૫૮

: તંત્રી :
શ્રી લક્ષ્મણભાઇ આદ્રોજા
: સંપાદક :
શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
: કલા સંયોજન :
અશોક કણઝરીયા

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
વિદ્યાર્થી સંઘ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ,
મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨
સંપર્ક : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧
૯૮૨૫૨૧૦૦૩૮, ૯૮૨૫૩૧૫૦૩૦
www.swaminarayangurukul.org
E-mail :sgvpgurukul@gmail.com

જીવનમાં સમજણનું મહત્વ

- શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસ

સંસારના સ્વરુપને સમજાવતા ભર્તુહરિ કહે છે-

ક્વચિદ્ વીણાવાદ્યં ક્વચિદપિ હાહેતિરુદિતં, ક્વચિદ્ રામા રમ્યા ક્વચિદપિ જરાજર્જરતનુઃ ।
ક્વચિદ્ વિદ્વદ્‌ગોષ્ઠીઃ ક્વચિદપિ સુરામત્તકલહઃ, ન જાને સંસાર કિમ્ વિષમયઃ કિમ્ અમૃતમયઃ ॥

ક્યારેક આ સંસારમાં વીણાના સુમધુર સૂરો સંભળાય છે તો ક્યારેક કોઇનું કરુણ આક્રંદ સંભળાય છે. ક્યારેક સુંદર રમણીઓ જોવા મળે છે તો ક્યારેક વૃદ્ધાવસ્થાયુક્ત રોગ ગ્રસ્ત શરીર નજરે પડે છે. ક્યારેક વિદ્વાનોની ગોષ્ઠી સંભળાય છે તો ક્યારેક દારુ પીને તોફાને ચડેલા માણસોના તોફાનો દેખાય છે. આ બધું જોતા ખબર નથી પડતી કે સંસાર વિષમય છે કે અમૃતમય છે ? સંસારનુ સ્વરુપ આવું જ છે, તેમાં સુખ અને દુઃખ સતત ચક્રની માફક ફર્યા જ કરે છે.

' સંસાર છે શેરડીનો સાંઠો તેમાં આવે દુખની ગાંઠો.' જેમ શેરડી ખાઇએ ત્યારે સુખ આવે સાથે તેમાં વચ્ચે ગાંઠો પણ આવે. તેમ સંસારમાં પણ રાજાથી માંડી રંક દરેકને સુખ સાથે દુઃખ આવે જ. માટે મુક્તાનંદસ્વામી કહે છે-

રાજા ભી દુખીયા રંક ભી દુખીયા, ધનપતિ દુખીત વિકારમેં....

ઊંટ ઉપર જે બેસે તેને હેલા આવવાના જ. તેમ સંસારમાં અનેક પ્રશ્નો, દુખો, વિક્ષેપો આવવાના જ. તેમાં સ્થિર અને સુખી રહેવા માટેનો ઉપાય છે, અને તે છે સમજણ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે- **સખી સમજણમાં ઘણું સુખ છે.**

પારસમણિ વીના રે જે પથરા રે, તેણે કાંઇ કાંચન તે નવ થાય. સમજણ વિના રે જે સાધન કરે, તેણે કાંઇ જીવપણું નવ જાય...

અહીં સ્વામી કહે છે સમજણમાં ઘણું સુખ રહ્યું છે. બધા પથ્થરોના સ્પર્શથી કાંઇ લોખંડ સોનું ન થાય પરંતુ જો પારસમણિ હોય ને તે જો લોખંડને સ્પર્શ કરે તો તુરત જ લોખંડ સુવર્ણમાં પરીણમે. તેમજ જીવનમાં પણ સમજણની ખુબજ જરુર પડે છે.

એક ઝવેરીના છોકરાએ બાળપણમાંજ પીતાની છત્રછાયા ગુમાવી. તેની માતાએ ઝવેરાતનો ધંધો શીખવવા છોકરાને તેના મામાની પાસે મુક્યો. છોકરો ખંતથી બધુ શીખે છે. હીરા-મોતી, સોનુ-ચાંદી વગેરે સાચું છે કે ખોટું તે પારખતાં શીખે છે. છોકરાને એક દિવસ પોતાના પીતાના સામાનમાંથી હીરાની એક થેલી મળે છે. તે થેલી છોકરો મામાને બતાવે છે. મામા તે કોથળીને તીજોરીમાં મુકી દેવા કહે છે. થોડા વર્ષો બાદ જ્યારે છોકરો ધંધામાં પારંગત થઇ જાય છે ત્યારે મામા છોકરાને પેલી હીરાની કોથળી ખોલવા કહે છે. છોકરો હિરાની કોથળી ખોલે છે તો અંદર હિરા નહીં પણ કાચનાં ટુકડાં હોય છે. તે જોઇ છોકરો મામાને પુછે છે કે તમને ખબર હતી કે આ હીરા નથી છતાં ત્યારે કેમ ન કહ્યું. ત્યારે મામા કહે કે જો મેં ત્યારે કહ્યું હોત કે આ હીરા નથી પણ કાચનાં ટુકડાં છે તો તને મનાત નહીં પરંતુ આજે તું પારંગત થયો તો તનેજ સાચા ખોટાની પરખ થઇ. તેમ જે વ્યક્તિ આ સંસારને પારખી લે છે, સમજી લે છે તેના જીવનમાં સુખ અને દુઃખ સમાન રહે છે.

મહાન ભક્ત તુકારામને ગામ લોકોએ વગર વાંકે દંડ આપ્યો. તુકારામનું માથું મુંડાવ્યું, માથે ચુનો ચોપડ્યો, ગળામાં શાકભાજીના હાર પહેરાવ્યા, અવળે ગધેડે બેસાડી આખા ગામમાં સરઘસ કાઢ્યું. આ બધો કાર્યક્રમ પુરો થયા પછી તુકારામ હસતાં હસતાં ઘરે આવ્યા. તુકારામને જોઇ તેમના પત્ની રડવા લાગ્યા. રડવાનું કારણ પુછ્યું તો કહે આપણે ભગવાનનું આટલુ ભજન કરીએ છતા આપણને દુખ કેમ? ત્યારે તુકારામ કહે “ભગવાનની આપણા ઉપર અનરાધાર કૃપા છે. આપણે જ્યારે પરણ્યા ત્યારે મારો વરઘોડો નીકળ્યો નહોતો તે કામ આજે

પૂર્ણ થયું. આ લીલા શાકભાજીથી આપણાં ચાર-પાંચ દિવસ પસાર થઇ જશે. મારે હમણાં હજામત થઇ નહોતી તે કામ વગર ખર્ચે પૂર્ણ થયુ. આમા દુઃખ ક્યાં છે?'' આમ તુકારામને સમજણ હતી તો દુઃખમાં પણ સુખીયા રહી શક્યા.

જગત નાશવંત છે. દેહ, દેહસંબધીઓ, પદાર્થો, સ્થાનો વગેરે નાશવંત છે તેવી સમજણ હોય તો જનક રાજાની પેઠે દરેક પ્રસંગે સુખની અનુભૂતી થાય.

એક દિવસ સોક્રેટીસ ભર બજારે જઇ રહ્યા હતા. પાછળથી કોઇ મનુષ્યે આવી જોરથી લાત મારી. સોક્રેટીસ બજારમાં પડી ગયા. શરીર ધૂળથી ખરડાઇ ગયું. પણ સોક્રેટીસ તો હસતા હસતા શરીર પરથી ધૂળ ખંખેરી ચાલવા માડ્યા. કોઇકે કહ્યું કે તમને લાત મારી અને તમે તેને કાંઇજ ન કહ્યું. ત્યારે સોક્રેટીસે સહજતાથી કહ્યું ''આતો મનુષ્ય હતો જો ગધેડો હોત તો?''

જો આવી સમજણ હોય તો જગતમાંથી વૃત્તિ ઉખડી ભગવાનમાં જોડાય અને સુખી રહેવાય.

આખું જગત જ્યારે પંચવિષય તરફ દોટ મુકી રહ્યું છે ત્યારે તેઓને કોણ કહે કે પંચવિષયમાં આસક્તિ એજ જીવને જન્મમરણનો હેતું છે. યયાતિએ એક હજાર વર્ષ સુધી વિષય ભોગવ્યા છતાં સુખ શાંતિ ન થઇ અને કહેતો ગયો આખી પૃથ્વીના વિષયભોગ, સોનું, સ્ત્રીઓ ,દ્રવ્યો આ બધુંમળે તોપણ આ જીવને વિષયમાંથી સુખનો અનુભવ થાય તેમ નથી. માટે સ્વામીની વાતુમાં કહ્યું છે ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓ કરી ને નંદરાજાએ આખી પૃથ્વીનું ધન ભગું કર્યુ તોય દુખ આવ્યું. વિષયમાં સુખ છે એવી કલમ તો કોઇ મોટાએ મુકીજ નથી.

અને અંતરમાં ટાઢું રહે ને ધગી ન જાય તેના બે ઉપાય છે. તેમાં એક તો ભજન કરવું અને બીજું ભગવાનને કર્તા હર્તા સમજવા. ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું . તે કહ્યું છે **''દાસના દુશ્મન હરિ કેદિ હોય નહીં, જેમ કરશે તેમ સુખ થાશે.''** આમ ભગવાનને જ કર્તા હર્તા સમજવાથી સંસારની મોટાભાગની ઉપાધિના ભારથી બચી જવાય છે.

જેતપુરના હરજી કાપડીયા તાવથી ખુબ પીડાય. એટલો બધો તાવ આવ્યો કે દેહનું ભાન પણ ન રહ્યું. સગા-સંબંધીઓએ એકઠા થઇ હરજી કાપડીયાને ગામના ચોરે એક બાવો હતો તેની પાસે લઈ ગયા. બાવાએ એક દોરો આપ્યો ને કહે આ દોરાને ખાટલે બાંધજો, તાવ જતો રહેશે. આમ કરવાથી હરજીભાઇનો તાવ જતો રહ્યો. જ્યારે ખબર પડી કે મારો તાવ બાવાએ ઉતાર્યો છે કે તરત જ ખાટલાના પાયે બાંધેલો દોરો તોડી બાવાની પાસે ગયા ને કહ્યું ''લે તારો દોરો અને લાવ મારો તાવ. તાવ ઉતારે તો એક મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ . તારો ઉતારેલો તાવ મારે નથી ઉતારવો.'' આમ ભગવાનનુંજ સર્વે કર્યું થાય છે તેવી નિષ્ઠા હોય તો કેવું સુખ રહે !

અગતરાઇના પર્વતભાઇને મહારાજે પત્ર લખ્યો કે જે કામ કરતા હો તે પડતું મેલી ગઢડા દર્શને આવવું . મહારાજનો પત્ર મળ્યો ત્યારે પર્વતભાઈ પોતાનો એકનોએક દીકરો જે તાવથી ખૂબજ પીડાતો હતો તેમની પાસે બેઠા હતા. પર્વતભાઇ પત્ર વાંચી તરત જ ઘરેથી ચાલી નીકળ્યા. હજી થોડે દુર ગયા હશે ત્યાં એક માણસ મારતે ઘોડે સમાચાર આપવા આવ્યો કે તમારા દિકરાનું મૃત્યું થયું છે. ત્યારે પર્વતભાઇએ તે માણસને સર્વ અંતિમ વિધિ કરવાનું કહ્યું અને પોતે ધાર્યું સર્વે મહારાજનું થાય છે તેમ વિચારી ગઢડા મહારાજના દર્શને ગયા પણ ત્યાંથી પાછા ન વળ્યાં. પર્વતભાઇ ગઢડા મહારાજના દર્શને આવ્યા. મહારાજ અતીશય રાજી થયા અને છાતીમાં ચરણાર્વિંદ આપ્યા.

મહારાજે વચનામૃતમાં સીતાની સમજણની પ્રશંસા કરતા કહ્યું છે 'જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો ત્યારે લક્ષ્મણ પણ અતિશય દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યા જે, 'હું મારા દુઃખ સારુ નથી રોતી, હું તો રામચંદ્રજીના દુઃખ સારૂ રોઉં છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે. તે લોકાપવાદ સારૂ મને વનમાં મૂકી પણ હવે એમ વિચારતા હશે જે, 'સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે.' એમ જાણીને કૃપાળુ છે તે મનમાં બહુ દુઃખ પામતા હશે માટે રામચંદ્રજીને કહેજ્યો જે, 'સીતાને તો કાંઈ દુઃખ નથી ને વાલ્મીક ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારૂં ભજન કરશે માટે તમે સીતાને દુઃખે કરીને કાંઈ દુઃખ પામશો મા.' એમ સીતાજીએ લક્ષ્મણજી સંઘાથે કહી મોકલ્યું પણ કોઈ રીતે અવગુણ લીધો નહિ.

બ્રહ્માનંદ સ્વામીએ વડતાલમાં મહા મહેનતે મંદિર બાંધ્યું. મંદિરમાં પ્રતિષ્ઠા થયા બાદ શ્રીજીમહારાજે તેમને મંદિર છોડી પોતાની સાથે આવવા કહ્યું છતા મનમાં મહારાજનો કોઇ અવગુણ ન આવ્યો જે મને વગરવાંકે મંદિર છોડાવ્યું અને પોતાનો જ અવગુણ લીધો-

'' જેવો તેવો તોયે પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે,
પેટ પડ્યો તે અવશ્ય પાળવો , વાલમ જુવો વિચારી રે.''

આમ સમજણ સંસારમાં ખુબજ જરૂરી છે, આવી સમજણ વિના જીવનમાં જીવ સુખ પ્રાપ્ત કરી શકતો નથી. માટે આપણા જીવનમાં સંસાર અને સત્સંગ બન્ને માર્ગની સમજણ દૃઢ થાય તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના. ■■■

સમાચાર દર્શન

★ સત્સંગ યાત્રા - આફ્રિકા :-

મારુતિ યજ્ઞ :- તા. ૧૯ એપ્રિલના રોજ હનુમાન જયંતી પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર, ટાંઝાનિયા ખાતે પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાન્નિધ્યમાં મારુતિ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે પ. પૂ. સ્વામીજીએ હનુમાનજીનાં માહાત્મ્યની વાતો કરી સહુને પ્રેરણા પુરી પાડી હતી. યજ્ઞના અંતે સૌ પ્રસાદ લઇ છૂટા પડ્યા હતા.

હિન્દુ લાઇફ સ્ટાઇલ સેમિનાર :- આફ્રિકાના દેશોમાં વસતા ભારતીયોમાં હિન્દુ સંસ્કૃતિના સંસ્કારો જળવાઇ રહે તે હેતુથી ટાંઝાનિયા ખાતે હિન્દુ લાઇફ સ્ટાઇલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ વૈદિક સિદ્ધાંતોને સમજાવતા પ્રવચનો કરી સહુને પ્રેરણા પુરી પાડી હતી તથા શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરુપદાસજી સ્વામીએ પ્રેઝન્ટેશન દ્વારા 'લાઇફ મેનેજમેન્ટ' જેવા વિષયો ઉપર પ્રવચનો કર્યાં હતાં. આ સેમિનારમાં આફ્રિકાના વિવિધ દેશોના હરિભક્તો ઉપસ્થિત રહી જીવન સુધારણાના સંકલ્પો કર્યા હતા.

■■■

★ જીપીએલ (ગુરુકુલ પ્રિમિયર લીગ) ક્રિકેટ અને ફૂટબોલ ટુર્નામેન્ટ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ દ્વારા જીપીએલ ક્રિકેટ તેમજ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ વગેરે રાજ્યોની ૧૪૫ ટીમોએ ભાગ લીધો છે. તા. ૨૪ એપ્રિલના રોજ ભવ્ય ઓપનિંગ સમારોહમાં જાણીતા વૈજ્ઞાનિક શ્રી રવિ સક્સેના તથા ગુજરાતની ક્રિકેટ ટીમના પ્લેયરો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન વિવિધ નૃત્યો તેમજ આતશબાજી નિહાળી સહુને આઇપીએલનો ઉદ્‌ઘાટન સમારોહ યાદ આવી ગયો હતો. આ ટુર્નામેન્ટનું ઓપનિંગ પ. પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ કર્યું હતું તથા સંપૂર્ણ આયોજન શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ કર્યું છે. આ ટુર્નામેન્ટ ૧૧ જૂનના રોજ પૂર્ણ થશે.

■■■

★ જળશક્તિ મહોત્સવ, રાજકોટ :- સ્વર્ણિમ ગુજરાત જળશક્તિ મહોત્સવ પ્રસંગે ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ચેકડેમો બનાવી જળશક્તિને સમૃદ્ધ બનાવવા બદલ પ.પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનું સન્માન કરવામાં આવ્યું હતું. રાજકોટ રેસકોર્સ મેદાનમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં પ. પૂ. સ્વામીજી વતી ગુજરાત રાજ્યના મંત્રી મંડળના સભ્યો સૌરભભાઈ પટેલ, વજુભાઈ વાળા, દિલીપભાઈ સંઘાણી તેમજ રમણભાઈ વોરાએ પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીનું મોમેન્ટો અર્પણ કરી સન્માન કર્યું હતું.

■■■

★ જોગી સ્વામી જન્મદિન :- તા. ૫, મે ના રોજ અખંડ ભગવદ્‌ પરાયણ પ.પૂ. જોગી સ્વામીનો ૧૦૭મો જન્મદિવસ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર ખાતે ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૨૦૦૦થી વધારે હરિભક્તોએ ઉપસ્થિત રહી બે કલાક સુધી સમૂહ મંત્રલેખન કર્યું હતું. મંત્રલેખનના અંતે ભગવાન શ્રીહરિ તેમજ જોગી સ્વામીનું સદ્‌ગુરુ સંતોએ પૂજન કર્યું હતું. સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા પ. પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પૂ. જોગી સ્વામીની બળભરી વાતો કરી સહુને પ્રેરણા પૂરી પાડી હતી.

લંડન - અખંડ ભગવદ્‌ પરાયણ પ.પૂ. શ્રી જોગી સ્વામીના જન્મદિવસ નિમિત્તે લંડનમાં ગુરુકુલ પરિવાર દ્વારા ઠાકરથાળીનો કાર્યક્રમરાખવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી ધૂન-ભજન કર્યાં હતાં.

■■■

★ શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ, સુરત :- શ્રી સ્વામિનારાયણ મંદિર, રામપુરા ખાતે વિરાજમાન નારાયણમુનિ દેવના શતામૃત પ્રસંગે તા. ૧ થી ૮ મે, ૨૦૧૧ સુધી શ્રી હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ પ. પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી રાકેશ પ્રસાદજી મહારાજના સાન્નિધ્યમાં ખૂબજ ધામધૂમથી ઉજવાયો. આ મહોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે પ. પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પધારી દીપપ્રાગટ્ય કર્યું હતું. આ મહોત્સવમાં પ. પૂ. સદ્‌ગુરુ શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી (કુંડળ) તથા પ. પૂ. સદ્‌ગુરુ શ્રી જ્ઞાનસ્વરુપદાસજી સ્વામી (જૂનાગઢ)એ પોતાની આગવી શૈલીમાં શ્રીમદ્‌ સત્સંગિજીવનની કથાનું રસપાન કરાવ્યું હતું. અખંડ ભગવદ્‌ પરાયણ પૂ. જોગી સ્વામી આ મહોત્સવમાં પધારતાં સહુ સંતો-હરિભક્તો પૂ. સ્વામીનાં દર્શન કરી ધન્ય બન્યા હતા.

■■■

★ શ્રી રામચરિત માનસ કથા પારાયણ : કેદારનાથ :- શ્રી કેદારનાથ મહાદેવ - ફાટસરના સાનિધ્યમાં તા.૧૦ થી ૧૮ એપ્રિલ, ૨૦૧૧ દરમ્યાન શ્રી રામચરિત માનસ કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કથામાં પૂ. શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી તથા શ્રી કિશોરભાઈ દવેએ વ્યાસાસને બિરાજીને કથામૃતનો લાભ આપ્યો હતો. આ કથા દરમ્યાન પ.પૂ.સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પ. પૂ.સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પધારીને ભક્તજનોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

■■■

★ શ્રી રામચરિતમાનસ કથા - શેખપીપરીયા :- તા. ૨૨ થી ૩૦ એપ્રિલ દરમિયાન અમરેલી જીલ્લાના શેખ પીપરીયા ગામે પુરાણી શ્રી માધવજીવનદાસજી સ્વામી તથા શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામીના વ્યાસાસને **શ્રી રામચરિતમાનસ કથા**નું આયોજન કરવામાં આવ્યું હતું. ભાદાણી પરિવાર દ્વારા યોજાયેલ આ કથામાં પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ધામધામથી અનેક સંતોએ પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

■■■

★ સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા અનાવરણ :- ઉના તાલુકાના ફાટસર ગામે મનસુખભાઈ પરસોત્તમભાઈ જાગાણી પરિવારના સહયોગથી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ પ. પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખોડલ ધામના અધ્યક્ષ શ્રી નરેશભાઇ પટેલ, શ્રી હરિભાઇ ગોધાણી, ધારાસભ્ય શ્રી પુંજાભાઈ વંશ, શ્રી અશોકભાઈ જાગાણી, શ્રી મનસુખભાઈ જાગાણી, બકુલભાઈ સોરઠીયા, શૈલેષભાઈ અકબરી, ચમનભાઈ શીંગાળા, લાધાબાપા શીંગાળા તથા ઉના તાલુકાના અગ્રગણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

"SANSKARDIP" R.N.I. 15104/68 Permitted to post at Ahd. PSO on 9th of every month. Registered under Postal Reg. No. GAMC-1729/2010-2012 valid up to 31-12-2012 issued by SSP Ahmedabad-9
Licenced to post without Prepayments No. CPMG/GJ/85/10-12/valid upto 31-12-2012

પ. પૂ. જોગી સ્વામી જન્મદિન પ્રસંગે અમદાવાદ ગુરુકુલમાં યોજાયેલ સમૂહ મંત્રલેખન

જી.પી.એલ. ક્રિકેટ ટૂર્નામેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે મહાનુભાવો સાથે ક્રિકેટ ટીમના કેપ્ટનો

રાજકોટ ખાતે જળશક્તિ મહોત્સવ પ્રસંગે પૂ. બાલકૃષ્ણદાસજી સ્વામીનું સન્માન કરતા ગુજરાત રાજ્યના મંત્રીમંડળના સભ્યો

શેખપીપરીયા કથા પ્રસંગે આશીર્વાદ પાઠવતા પૂ. બાલકૃષ્ણદાસજી સ્વામી

પ. પૂ. જોગી સ્વામી જન્મદિન પ્રસંગે ગુરુકુલ પરિવાર, યુ.કે. દ્વારા યોજાયેલ ઠાકરથાળી ઉત્સવ

ટાંઝાનિયા - હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનારમાં કથાવાર્તાનો લાભ આપતા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

If undelivered Please
Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.